| Praful V. Kamdar | Secretary | Rasik N. Kothari | Trustee |
| Amit D. Kothari | Secretary | Shailesh D. Shah | Trustee |
| Hasmukh K. Dedhia | Treasurer | Rajesh R. Bhansali | Trustee |
| Pravin G. Shah | Donor Trustee | Dharmesh S. Jain | Trustee |
| Kamlesh C. Shah | Donor Trustee | Rahul M. Timbadia | Trustee |
| Harshad J. Gandhi | Permanent Trustee | Chandrakant F. Shah | Trustee |
| Anil G. Doshi | Trustee | Dinesh V. Shah | Invitee |
| Kishor S. Sheth | Trustee | Kiran H. Shah | Invitee |

## બનાસકાંઠા તથા પાટણ જિલ્લાના તાજેતરમાં થયેલ ભારે વરસાદના પૂરગ્રસ્ત વિભાગમાં અસરગ્રસ્તોને મદદરૂપ થવાની સરાહનીય કામગીરી...




**જૈન જાગૃતિ સેન્ટર લેડિઝ વિંગ (મહેસાણા)ના કાશ્મીરાબેન હરડે આશાબેન શાહ ઈન્દુબેન શેઠીયા હંસાબેન શાહ તસવીરમાં દૃષ્ટિગોચર થાય છે. દિનેશભાઈ શાહ (પ્રમુખ) જેજેસી થરાએ પણ સરાહનીય યોગદાન આપેલ છે.**



પ્રમાણપત્ર

૧૫ મી ઓગષ્ટ-૨૦૧૭ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે

શ્રી વિનોદભાઈ જૈન, પ્રમુખશ્રી જૈન જાગૃતિ સેન્ટર અંકલેશ્વર તરફથી બનાસકાંઠા તથા પાટણ જીલ્લામાં તાજેતરમાં થયેલ ભારે વરસાદના પુરગ્રસ્ત વિસ્તારમાં અસરગ્રસ્તોને મદદરૂપ થવાની સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે. જેથી આપની પ્રશંસનીય કામગીરી બદલ જીલ્લા વહીવટીતંત્ર અભિનંદન પાઠવે છે અને ગૌરવની લાગણી અનુભવે છે.

પ્રજાના સેવાકીય પ્રવૃતિમાં સહયોગ આપવા બદલ અમો આભારની લાગણી વ્યકત કરીએ છીએ, ભવિષ્યમાં પણ વહીવટી તંત્રને આપનો સાથ-સહકાર મળે તેવી અપેક્ષા છે તેમજ આપની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

સ્થળ : અંકલેશ્વર, જીલ્લો : ભરૂચ

રમેશ કે. ભગોરા (G.A.S.)
નાયબ કલેકટર અને સબડિવીઝનલ મેજીસ્ટ્રેટ
અંકલેશ્વર

સંદીપ જે. સાગલે (I.A.S.)
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
ભરૂચ



**જૈન જાગૃતિ સેન્ટર અંકલેશ્વરના શ્રી વિનોદભાઈ અનોખીલાલ જૈનને પ્રમાણ પત્ર અર્પણ કરતા ભરૂચના કલેકટર સંદીપભાઈ મ. સાંગલેકર અને ગુજરાતના માનનીય મંત્રી ઈશ્વરભાઈ પટેલ તસવીરમાં નજરે પડે છે.**

# કૈફ-વરસાદનો અને મનનો... કેફિય-વરસાદની અને મનની.

■ કિરવા શાહ (ભૂતપૂર્વ ચેરમેન)

વરસાદ આપણને બહારથી ભીંજવે તે પૂરતું નથી, તે જ્યારે આપણી અંતરક્યારીને ભીંજવે ત્યારે તો એ વરસાદ કહેવાય. કોઈ વ્યક્તિ સાથે કેટલા ચોમાસા ગાળ્યા એ મહત્ત્વનું નથી. એ વ્યક્તિ સાથે તમે કેટલા ભીંજાયા એ મહત્ત્વનું. ઘણાં લોકો વરસાદ માણવાની ઈચ્છા રાખે, ફણ જો તેનામાં ભીતરથી ભીંજાવાની ઝંખના ન હોય તો સાવ નકામું, ગુણવંત શાહ કહે છે ''માંહ્યલો કોરોધાકોર હોય અને અસ્તિત્વ ભીનાં કપડાં જેવું ભારેખમ્ હોય તો વરસાદની મઝા ન આવે. વરસાદમાં કોરો રહે તેને આપણે વ્યવહારું કહીએ છીએ, ફણ મારા મત પ્રમાણે તે અભાગિયો છે. આમ પણ જીવનમાં ભીંજાવું થોડું અઘરું છે, કારણ કે કોરા રહેવામાં સલામતી છે. વરસાદને માણતા નહીં પણ જીવતા આવડવું જોઈએ. વરસાદ વરસતા પણ શીખવાડે છે ને તરસતા પણ શીખવાડે છે. વરસતા વરસાદમાં જે માણસ ભીંજાતી વખતે પોતાની ઉંમર, શરમ અને સ્ટેટસ ભૂલી શકે છે તે માણસ વિઝીટિંગ કાર્ડ આપ્યા વગર પોતાની આગવી ઓળખ ઊભી કરી શકે છે.

વરસાદ જ્યારે અનરાધાર વરસે ત્યારે પ્રત્યેક માણસનું કવિહૃદય મહાકવિ કાલીદાસને યાદ કરે છે. કાલિદાસે કદાચ અષાઢ મહિનાની મેઘલી રાત્રે જ મેઘને દૂત બનાવીને પોતાનું મહાકાવ્યા ''મેઘદૂત'' લખ્યું હશે.

કવિહૃદયને બે મૌસમ બહુ ગમે છે, વસંત અને વર્ષા. આપણે ત્યાં પણ વર્ષા કાવ્યો ઘણા લખાયેલા છે. મઝલમાં પણ વરસાદ મન મૂકીને વરસ્યો છે કારણ કે ''જ્યારે મૌસમ છલકે ત્યારે હૈયું મલકે'' રસિક મિત્રો ચાલો થોડા વર્ષા કાવ્યો સાથે આંખધૂધન કરીએ.

કવિશ્રી હિતેન આનંદપરા કહે છે ''સાવ રોજિંદા જીવનમાં શુષ્ક થઈને જીવતો આપણી અંદરનો માણસ ખળભળે વરસામાં'' પછી આગળ કહે છે ''કામ પર જવાનું મન થાતું નથી તો નહીં જવું, બહુ સારા જણને આવું પરવડે વરસાદમાં'' અને તરત જ વેણીભાઈ પુરોહિત યાદ આવે છે

*''આજ નથી જાવું કોઈનાય કામ પર*
*અલ્યા ધિંગા વરસાદ તારા નામ પર''*

વરસાદમાં ઘરે બેસીને પ્રિયતમની રાહ જોતી નાયિકાની વ્યથા મુકેશ માલવણકરે આ રીતે વ્યક્ત કરી છે.

*''એકલ દોલક વરસાદે કેવી ભીંજાતી હું*
*વાતવાતમાં વ્હાલમ વાદળ ઓઢાડી છૂ...''*

એક અજ્ઞાત કવિનો શેર છે,

*''મને મૂર્છિત કરવાનો તારો આ આગવો પ્રબંધ એક તો*
*ત્યારે વરસાદ ને તારા કેશમાં મોગરાની સુગંધ''*

ઈલા પટેનો શેર છેઃ

*''તારી યાદ ને આપું છું દાદ*
*જો જવાબમાં મોકલે વરસાદ''*

રમેશ પારેખ લખે છેઃ

*''અહીં આપણે બે અને વરસાદ ભીંજવે*
*મને ભીંજવે તું, તને વરસાદ ભીંજવે''*

કવિશ્રી મહેશ શાહ

*''ઓ અદેખી વાદળી! એ યાદ આવ્યા છે મને,*
*તું વરસ કે ન વરસ, બે, હું તો ભીનો થઈ ગયો.''*

ચાયમિની વ્યાસ લખે છેઃ

*''ક્યાંય છડે ચોક, ક્યાંક છાનું, મને ભીંજવવાનું*
*કેવું તને મળી જાય બહાનું!!''*

*જામ્યું છે ચોમાસું, બહાર પણ અને અંદર પણ*
*દરિયો ભીંજાતા જોવાની મઝા આવે છે.*

અજ્ઞાત કવિની રચનાઓ-

*''ન કર આંખોની લેવડદેવડ વરસનાં વરસાદમાં*
*એક તો ભીંજાયેલો છું તે તું વધારે ભીંજવે છે.''*
*''જો ઝીલી શકવાની તૈયારી બતાવે તારી હથેળી*
*તો એકાદ ચોમાસું મારી આંખનું મોકલું...''*
*''તું ભલે વરસાદ જોજે બારીએથી દોસ્ત પણ,*
*સાવ કોરા રહી જવાનું આપણાથી નહીં બને''*
*''મૌસમ ના પહેલા વરસાદનો શોખ તો એમને હરો*
*અમે તો રોજ એમની યાદમાં પલળીએ''*
*''મારે તો ચપટી સ્નેહની તરસ*
*તું ધોધમાર નહીં તો ઝરમર તો વરસ''*
*''તું મારાથી ખૂબ દૂર દૂર છે એટલે અવારનવાર ફોન કરું છે. મેં તને પૂછયું કે ત્યાં વરસાદ છે કે નહીં, અને તેં માત્ર એટલું જ કહ્યું, હા આંખો માં!!''*

બચપણમાં વરસાદમાં ભીંજાવાની મઝા કંઈ ઔર જ હતી. વરસાદમાં ઘરની બહાર છબછબિયાં કરીને મોંએ અને માથે ઝાંપટા જીલવાની મઝા આવતી. આજે પણ આપણા બધાના હૃદયમાં વરસાદ સાથેની એ દોસ્તીના ભીનાં ભીનાં સ્મરણો હશે. શેરીમાં વહી જતાં પાલનમાં કાગળની હોડીઓ તરતી મુકવાનો આનંદ તો આપણે બધાએ લીધો જ હશે. ગનીભાઈએ એમની એક ગઝલમાં કાગળની હોડીનું પ્રતિક લઈને જીવન પર એક સુંદર શેર લખ્યો છે.

*''બાપ સહજ હોડી જેવું કંઈ કગળ કાગળ રમીએ,*
*પાછળ  વહેતું આવે જીવન, આગળ આગળ રમીએ,*
*તરસ ભલે ને જાય તણાતી શ્રાવણની હેલીમાં,*
*છળ ના રણમાં છાનાંમાનાં મૃગજળ મૃગજળ મૃગજળ રમીએ''*

રમણિક સોમેશ્વર કહે છે-

*''જ્યારે જ્યારે ભીંજાવાને મન મારું તલપાપડ થાતું*
*કાગળની હોડીમાં તરતું મારું બચપણ શોધું છું,*
*જીવનની સમી સાંજે અત્યારે એમ કહેવાનું મન થાય*

*કે ''જ્યાદા કુછ નહીં બદલા, ઉમ્ર કે સાથ બચપન કી જીદ સમજૌતે મે બદલ જાતી હૈ.''* વરસાદમાં મન ભીંજાવા તલપાપડ છે, પણ બચપણમાં હોય તેવી તૈયારી શરીરની નથી, મન હા પાડે છે, શરીર ના પાડે છે, સમય ના પાડે છે, એટીકેટ ના પાડે છે... પણ મારી તમને સૌને આગ્રહભરી વિનંતી છે એક વરસાદી સાંજે દાળવડા, ભજીયા અને મકાઈના ડોડા ખાતાં ખાતાં વરસાદમાં પછી જો એકવાર પણ તમે ના પલળો તો તમને મેઘધનુષનાં સોગંદ.

હમણાં ગુજરાતમાં થયેલા અતિ વરસાદ લોકલાજને છોડીને ધરતીને એવો ભેટ્યો કે, ધરતી લોહીલૂહાણ થઈ ગઈ. વરસાના આ રુદ્ર રૂપને જોઈને કવિશ્રી યામિની વ્યાસ કહે છે:

*''કાળા ડિંબાગ ઓ છલકાતાં આભ,*
*હવે ભીડી દે તરા કમાડ....*
*મને વહાલો છે ચપટીક ઉઘાડ!*
*તારી વરસાદી રીત સાવ નોખી,*
*શું દરિયાએ દીધી છે ખો?*
*મનડાને તાવો એ મેહુલો વહાલો*
*પણ માનવી તણાય એ તો જો!*
*થોડા કોરા સંબંધ ને ગમાડ*
*મને વહાલો છે ચપટીક ઉઘાડ.*

... અને અંતમાં અષાઢની આ મદહોશ સાંજે, જે. જે. સી.ના સર્વે સભ્યો માટે મારી ઉપરવાળાને વિનંતી.

*કાશ ઐસી બારિશ આએ-*
*જીસમે...*
*અમ્મ ડુબ જાએ*
*મતભેદ કે કિલ્લે કહ જાએ,*
*ગુસ્સે કે પહાડ પિઘલ જાએ,*
*નફરત હંમેશાં કે લિયે દફન હો જાએ,*
*ઔર હમ સબ*
*''મેં'' સે ''હમ'' હો જાએ.*

અસ્તુ...

# પર્યુષણ પર્વાધિરાજ કેમ?

■ પૂ. આચાર્ય રામચન્દ્રસૂરીશ્વરજી

અનંત ઉપકારી અનંતજ્ઞાની પરમપુરુષોએ અનેક પર્વો ઉપદેશ્યાં છે. એ પર્વના દિવસોમાં વિશેષ ઉલ્લાસથી વિશિષ્ટ પ્રકારે મોક્ષમાર્ગની આરાધના કરવાની હોય છે. વર્ષમાં આવતાં અનેક પર્વોમાંનું એક પર્વ શ્રી પર્યુષણ પર્વ છે. આ પર્વને પર્વાધિરાજ તરીકે બિરદાવાય છે. જૈન શાસનમાં અનેક પર્વો છે, પણ પર્યુષણમાં કર્મના મર્મને ભેદવાની જેવી તાકાત છે એવી બીજા પર્વોમાં નથી. માટે પર્યુષણને પર્વાધિરાજ કહેવાય છે. આ વિશેષણ પરથી એ વાત સારી રીતે સમજી શકાય છે કે જૈનશાસનમાં પર્વોનું જે આરાધન કરવાનું ઉપદેશાયું છે એ કર્મના મર્મને ભેદવાના આશયથી જ પર્વારાધના કરવા માટે ઉપદેશાયું છે, એ કર્મના મર્મને ભેદવાના આશયથી જ પર્વારાધના કરવા માટે ઉપદેશાયું છે.

આવો આશય લાવવાની સારામાં સારી તાકાત પર્યુષણમાં રહેલી છે. માટે જ આ પર્વને પર્વાધિરાજ ગણવામાં આવ્યું છે. જૈનશાસનમાં અનેક પર્વો છે, એ પર્વોની આરાધના કદાચ ન થઈ શકે કે ઓછીવત્તી થઈ શકે તોપણ પર્યુષણ પર્વની આરાધના તો અવશ્ય કરવી જોઈએ. આથી જ જૈન સંઘમાં વર્ષભરમાં આવતાં સંખ્યાબંધ પર્વોમાં જે ઉલ્લાસ અને ઉત્સાહ નથી જોવા મળતો એ શ્રી પર્યુષણ પર્વની ઉજવણીમાં જોવા મળે છે.

વર્તમાનના વાતાવરણને કારણે હમણાં હમણાં ધાર્મિક કુળાચારોમાં પણ ઠીકઠીક મંદતા આવી જવા પામી છે. પર્વાધિરાજનું આરાધન પણ આ અસરથી સાવ મુક્ત રહેવા પામ્યું નથી. આમ છતાં પણ જૈન સંઘોમાં હજી પણ પર્યુષણની આરાધના કરનારો વર્ગ ઘણો મોટો છે. આ પર્વની આરાધના ખૂબ જ શાસનપ્રભાવનાપૂર્વક થાય છે એથી અજૈનો માટે પણ પર્યુષણ ઠીકઠીક પરિચિત પર્વ ગણાય છે.

પર્યુષણની આરાધના જો સમજીને યથાયોગ્ય રીતે કરવામાં આવે તો આ આરાધનાના પ્રભાવે ક્રમશઃ સર્વ પર્વોમાં સર્વ પ્રકારે આરાધના કરનારા બની શકાય. અન્ય પર્વો કરતાં પર્યુષણ પર્વમાં કર્મોના મર્મને ભેદવાનું સામર્થ્ય સવિશેષ છે. આ સવિશેષતા ક્યા કારણે છે એ સમજવા જેવું છે. આ વિશેષતા જો સારી રીતે સમજવી હોય તો જ્ઞાનીઓએ પર્યુષણમાં અવશ્ય કરવા યોગ્ય જે પાંચ કર્તવ્યો બતાવ્યાં છે તેનો વિચાર કરવો જોઈએ. પાંચ કર્તવ્યોનું હાર્દ બરાબર સમજી લેવાય તો એ વાત જરૂર સમજાઈ જાય કે પર્યુષણમાં કર્મના મર્મને ભેદવાની અદ્‌ભુત શક્તિ સમાયેલી છે. માત્ર કુળાચાર કે ગતાનુગતિકપણે પાંચ કર્તવ્યોની આરાધના કરાય તો વાસ્તવિક કોટિનો જે લાભ થવો જોઈએ એ ન થાય.

પર્યુષણ પણ એક આચાર છે. જૈન સાધુ માટે ૧૦ પ્રકારના જે આચારો બતાવ્યા છે તેમાંનો 'પર્યુષણા' નામનો પણ એક આચાર છે. તેમાં સાધુઓને માટે વાસસ્થિરતા સંબંધી વિચારણા કરવામાં આવી છે અને વાર્ષિક પર્વનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સંવત્સરીની સાચી આરાધના થઈ શકે એ માટે જ પૂર્વેના સાત દિવસોમાં આરાધનાનો ક્રમ ગોઠવવામાં આવ્યો છે. આ પર્વનું મહત્ત્વનું કર્તવ્ય ક્ષમાપના છે. સાચા દિલથી વેરવિરોધને ભૂલી જવાય અને 'મિચ્છામિ દુક્કડમ્'ના આદાન-પ્રદાન દ્વારા મૈત્રીભાવને વિસ્તારવા 'ખામેમિ સવ્વજીવે' અને 'વેરં મજ્ઝ ન કેણઈ' આ કક્ષા સુધી પહોંચાય એમાં જ પર્યુષણની સાર્થકતા છે.

**પર્વનો પ્રાણઃ પાંચ કર્તવ્યો**

જૈન શાસનમાં પર્વો અનેક છે, પણ પર્વાધિરાજ તો એકમાત્ર પર્યુષણ પર્વ જ છે. આઠ દિવસ ચાલતાં પર્યુષણમાં પણ મુખ્ય દિવસ તો સાંવત્સરિક પ્રતિક્રમણ દ્વારા 'ખામેમિ સવ્વ જીવે' અને 'મિચ્છામિ દુક્કડમ્'ની સાધના સાચી રીતે થઈ શકે એ માટે પર્યુષણનાં પાંચ કર્તવ્યો અને વર્ષમાં આરાધવા યોગ્ય અગિયાર કર્તવ્યોની

સમજણ જરૂરી હોવાથી ક્રમશઃ એ પાંચ અને અગિયાર કર્તવ્યો પર દૃષ્ટિપાત કરીએઃ

'અમારિ પ્રવર્તન' એ પર્યુષણાનું પહેલું કર્તવ્ય છે. અમારિનું પ્રવર્તન એટલે અહિંસાનું પ્રવર્તન! જૈન શાસનમાં તો ડગલે ને પગલે અહિંસાનું પ્રવર્તન કરવાની વાતને પ્રધાનતા આપવામાં આવી છે. પછી પર્યુષણમાં તો અમારિ પ્રવર્તન વિશેષ રીતે કરવાનું હોય જ ને? જૈન શાસનમાં દેવ-ગુરુ-ધર્મ અહિંસામય છે. એથી નાનાંમોટાં કોઈ પણ ધર્મકાર્યમાં અહિંસાના પ્રવર્તનની વાત તો આવે આવે ને આવે જ.

પ્રાચીન કાળમાં તો પર્યુષણ આવતાં જૈન મહાજન બધી જ્ઞાતિઓના આગેવાનોને બોલાવીને અહિંસાનું પ્રવર્તન કરવાની વાત મૂક્તું. જૈનો તો આઠેઆઠ દિવસે વેપારધંધા બંધ રાખીને પાખી પાળતા. એથી જૈનોની વાત બધી જ્ઞાતિઓ સહર્ષ સ્વીકારી લેતી. 'કમાય અને ખાય' આવી સ્થિતિવાળાની ખાનપાનની સગવડતા આર્થિક સહયોગ આપીને જૈનો પૂરી પાડતા. એથી હિંસક ધંધા સાથે સંકળાયેલા લોકો પણ રાજીખુશીથી 'અમારિ'નું પાલન કરતા.

છેલ્લે છેલ્લે શ્રી હીરસૂરીશ્વરજી મહારાજે અમારિનું જે અદ્ભુત પાલન મુસ્લિમ બાદશાહ અકબરના રાજ્યમાં પણ કરાવ્યું એ નજર સમક્ષ આદર્શ તરીકે રાખીને આજે પણ અમારિનું પાલન કરાવવાના પ્રયત્ન થાય તો એમાં ઠીકઠીક સફળતા મળે. આજે તો વિશ્વનું વાયુમંડળ હિંસાથી વધુ ને વધુ વ્યાપ્ત થતું જાય છે ત્યારે આ કર્તવ્યનું પાલન અત્યાવશ્યક બની જાય છે.

પર્યુષણનું બીજું કર્તવ્ય સાર્મિક વાત્સલ્ય છે. હૈયામાં જો ધર્મ સાચી રીતે વસ્યો હોય તો એ હૈયામાં ધર્મીનું પણ સ્થાન હોય જ. સમાન-ધર્મીને સાધર્મિક કહેવાય, એની ભક્તિ કરવી, એ મુશ્કેલીમાં હોય તો એને બહુમાનના ભાવપૂર્વક મદદ/સહાય કરવી, એ સાધર્મિક ભક્તિ ગણાય. ધર્મ અને ધર્મીઃ આ બંને તરફ બહુમાન-ભક્તિ વ્યક્ત કરવાનો લાભ 'સાધર્મિક ભક્તિ'ના કર્તવ્ય દ્વારા મળે છે. ધર્મના માધ્યમે, ધર્મના કારણે જે સંબંધ બંધાય એ સાધર્મિક સંબંધ કહેવાય. સંસારના સંબંધો તો ઘણા ઘણા બંધાય, પણ સાધર્મિક સાથેનું સગપણ દુર્લભ મનાયું છે.

સાધર્મિક વાત્સલ્ય ખરી રીતે તો રોજનું કર્તવ્ય છે. સુખી ભાવનાશીલ પ્રત્યેક જૈન જો આ કર્તવ્ય અદા કરે તો 'સાધર્મિક સહાય' આદિના જે સવાલો ઊભા થયા છે એ ઊભા થાય જ નહિ. મહામંત્રી પેથડશાહ આદિની સાધર્મિક સાથેનું સગપણ દુર્લભ મનાયું છે.

સાધર્મિક વાત્સલ્ય ખરી રીતે તો રોજનું કર્તવ્ય છે. સુખી ભાવનાશીલ પ્રત્યેક જૈન જો આ કર્તવ્ય અદા કરે તો 'સાધર્મિક સહાય'આદિના જે સવાલો ઊભા થયા છે એ ઊભા થાય જ નહિ. મહામંત્રી પેથડશાહ આદિની સાધર્મિક ભક્તિનાં દૃષ્ટાંતો આદર્શ તરીકે નજર સમક્ષ રહે તો તો આ કર્તવ્યનું પાલન કોઈ અનેરા ભાવભક્તિપૂર્વક થાય.

પરસ્પર ક્ષમાપના એ ત્રીજું કર્તવ્ય છે. પર્યુષણ પર્વનું આ મુખ્ય કર્તવ્ય છે. વેરઝેર ભૂલી જઈને સાચા દિલથી મિચ્છામિ દુક્કડમ્ દઈ શકે નહિ, તે પર્યુષણ પર્વનો આરાધક બની શકે નહિ બીજાં કર્તવ્યો હજી શક્તિના અભાવેન આરાધી શકે કે ઓછાવત્તા આરાધી શકે, પણ એ જો ક્ષમાપના કર્તવ્યને બરાબર આરાધે તો પર્યુષણનો સાચો આરાધક બની શકે. આ કર્તવ્યની આરાધના કરે નહિ ને બીજાં કર્તવ્યોની સારામાં સારી આરાધના કરે, પણ એ પર્વારાધક ગણાય નહિ, આટલું મહત્ત્વનું આ કર્તવ્ય છે.

ખરી રીતે તો રોજેરોજ કષાયમુક્ત બની જ જવું જોઈએ, આ શક્ય ન બને તો ૧૫ દિવસે, આપણે શક્ય ન બને તો ચાર મહિને અને છેવટે ૧૨ મહિને તો કષાયમુક્ત બની જ જવું જોઈએ તો જ એનું જૈનત્વ સચવાય અને દીપે.

પર્યુષણનું ચોથું કર્તવ્ય અઠ્ઠમતપ છે. આપણા ઉપવાસ તો અનોખા હોય છે. ત્રણ ઉપવાસ સાથે કરવા એ અઠ્ઠમતપ ગણાય. વાર્ષિક/ સાંવત્સરિક પ્રતિક્રમણના એક અંગ તરીકે પ્રત્યેક જૈને અઠ્ઠમ, આ શક્ય ન હોય તો છૂટા છૂટા ત્રણ ઉપવાસ, આ પણ શક્ય ન હોય, તો છેવટે છ આયંબલિ અથવા નવ નીવિ અથવા ૧૨ એકાસણા કે ૨૪ બિયાસણા, છેવટે છ હજાર ગાથા પ્રમાણ સ્વાધ્યાય કરીને પણ આ કર્તવ્ય અદા કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ચૈત્યપરિપાટી એ પર્યુષણનું પાંચમું કર્તવ્ય છે. દેવગુરુનો આપણી પર અનહદ ઉપકાર છે. આ ઉપકારની સ્મૃતિરૂપી દેવગુરુ તરફ વિનય દર્શાવવો એ આપણી ફરજ ગણાય. ચૈત્યનો અર્થ મંદિર અને પરિપાટીનો એક અર્થ ક્રમ થાય. ઉપકારીઓ પ્રત્યે વિનય અને ભક્તિનો ભાવ વ્યક્ત કરવા આ કર્તવ્યની આરાધના ખૂબ જ ઉપયોગી બની રહે છે.

આ રીતે પર્યુષણ પર્વમાં તો ખાસ જેની આરાધના કરવા જેવી છે એવા આ પાંચે કર્તવ્યોનું પાલન યથાશક્તિ રોજેરોજ અથવા અવાર-નવાર પણ કરતાં રહેવાનું છે. આ કર્તવ્યોની આરાધના પર્યુષણને વધુ પ્રમાણમાં શાસનપ્રભાવક બનાવવામાં અને જૈનોને આરાધક બનાવવામાં ખૂબ જ સુંદરમાં સુંદર આલંબન પૂરું પાડી જાય એવી છે. આ કર્તવ્યો વિનાની પર્વારાધનામાં પ્રાણ ન પુરાય અને નિષ્પ્રાણ એવી પર્વારાધનાથી ઝાઝો લાભ ન થાય માટે જૈનશાસનનો જયજયકાર જગવવા વધુ પ્રમાણમાં સમર્થ એવા પર્યુષણ પર્વની આરાધનાને સ્વપર ઉપકારક બનાવવા જરા પણ શક્તિ છુપાવવી ન જોઈએ અને ભક્તિમાં જરા પણ ઓટ ન આવી જાય એની કાળજી રાખવી જોઈએ.

## જૈન જાગૃતિ સેન્ટરના નવા સેન્ટરો ખોલવા બાબત...

ભારતભરના તથા પરદેશમાં વસતા સમગ્ર જૈનોને એક છત્ર નીચે લાવી જૈનોનો સામાજીક તથા રાજકીય ક્ષેત્રે અવાજ બુલંદ બનાવવા જૈન જાગૃતિ સેન્ટરની નેમને વધુ સફળ બનાવવા આપણા ધ્યાનમાં કોઈ એવું ક્ષેત્ર હોય જ્યાં જૈનોની વસતી સારા પ્રમાણમાં હોય અને ત્યાં જૈન જાગૃતિનું કોઈ પણ સેન્ટર ન હોય તો આપને વિનંતી છે કે આપ ત્યાં સેન્ટર ખોલવા પ્રયત્ન કરો અને તે વિષે જૈન જાગૃતિ સેન્ટરની ઑફિસે જાણ કરો.

સંપર્કઃ ૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.
ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬

લિ. સેક્રેટરી જનરલ
જૈન જાગૃતિ સેન્ટર, સેન્ટ્રલ બોર્ડ

# દાંતની પીડા

❖ હીંગને પાણીમાં ઉકાળી કોગળા કરવાથી દાંતનો દુખાવો મટે છે.

❖ દાંત હાલતા હોય અને દુખાવો થતો હોય તો હિંગ અથવા અક્કલગરો દાંતમાં ભરવાથી આરામ થાય છે.

❖ વહેલી સવારે કાળા તલ ખૂબ ચાવીને ખાઈ, ને ઉપર થોડું પાણી પીવાથી દાંત મજબૂત બને છે.

❖ વડની વડવાઇનું દાંતણ કરવાથી હાલતા દાંત મજબૂત બને છે.

❖ તલનું તેલ હથેળીમાં લઈ આંગળી વડે પેઢા પર ઘસવાથી હાલતા દાંત મજબૂત બને છે.

❖ તલના તેલનો કોગળો મોઢામાં દસ-પંદર મિનિટ ભરી રાખવાથી પાયોરિયા મટે છે અને દાંત મજબૂત બને છે.

❖ લીંબુનો રસ દાંતના પેઢા પર મસળવાથી દાંતમાંથી નીકળતું લોહી બંધ થાય છે.

❖ ફુલાવેલી ફટકડીનો પાઉડર દાંતના પેઢા પર દબાવવાથી દાંતમાંથી નીકળતું લોહી બંધ થાય છે.

❖ દાંતનું પેઢું સૂજી ગયું હોય તો મીઠું અને હળદરનો પાઉડર મેળવી પેઢા ઉપર ઘસવાથી દર્દ મટે છે.

❖ દાંતનું પેઢું સૂજી ગયું હોય તો મીઠાના ગાંગડાથી તેને ફોડી તેના પર ફુલાવેલી ફટકડીનો પાઉડર લગાડવાથી મટે છે.

❖ તેલ, લીંબુનો રસ અને મીઠું મેળવી દાંતે ઘસવાથી દાંતનો દુખાવો, દાંતની પીળાશ અને દાંતમાંથી નીકળતું લોહી બંધ થાય છે.

❖ સફરજનનો રસ ખાવાના સોડા સાથે મેળવી દાંતે ઘસવાથી દાંતમાંથી નીકળતું લોહી બંધ થાય છે અને દાંતની છારી મટે છે.

❖ પાકાં ટામેટાંનો રસ ૫૦ ગ્રામ જેટલો દિવસમાં ત્રણ વાર પીવાથી દાંતમાંથી નીકળતું લોહી બંધ થાય છે.

❖ દાંતમાં સડો લાગે તો મીઠાના પાણીના કોગળા વારંવાર કરવાથી આરામ મળે છે.

❖ કોફીનો ઉકાળો કરી તેના કોગળા કરવાથી દાંતનો સડો અને દુખાવો મટે છે.

❖ રોજ સવારે મેથી પાણીમાં પલાળીને નરણે કોઠે ચાવીને ખાવાથી પાયોરિયા મટે છે.

❖ તુલસીનાં પાન ચાવવાથી ને તુલસીનાં પાનના ઉકાળાના કોગળા કરવાથી દાંત અને પેઢા મજબૂત થાય છે.

❖ પોલા થયેલા અને કોહવાઈ ગયેલા દાંતના પોલાણમાં લવિંગ અને કપૂર અથવા તજ ને હિંગ વાટી ભેગું કરી ભરી દેવાથી આરામ મળે છે.

❖ દાંત પીળા પડી ગયા હોય તો પીસેલું મીઠું અને ખાવાનો સોડા મેળવીને દાંતે ઘસવાથી પીળાશ ઘટે છે.

❖ દાઢ દુખતી હોય તો ઘાસલેટ અથવા સ્પિરીટનું પૂમડું બનાવી, તેની ઉપર કપૂર ભભરાવી, દુખતી દાઢ ઉપર મૂકવું.

❖ જાંબુના ઝાડની છાલ ધોઈ, સ્વચ્છ કરી, અધકચરી ખાંડી, શેર પાણીમાં નાખી ઉકાળવી. ૦।। શેર પાણી બાકી રહેતાં તે પાણી ઠંડું કરી કોગળા કરવાથી દાંતનાં પેઢા મજબૂત થાય છે તથા પાયોરિયા મટે છે.

❖ વડનું દૂધ વડના પત્તા ઉપર લઇ તેનાથી પેઢાં ઉપર માલિશ કરવામાં આવે તો હાલતાં દાંત પણ મજબૂત રીતે ચોંટી જાય છે.

❖ ૧૦ ગ્રામ મરી અને ૩૦ ગ્રામ તમાકુની કાળી રાખ બારીક પીસી સવાર-સાંજ દાંતે ઘસવાથી પાયોરિયામાં ફાયદો થાય છે.

❖ જીરાને શેકીને ખાવાથી પાયોરિયાની દુર્ગંધ દૂર થાય છે.

# સાચી ક્ષમાપના

■ શ્રેણિક શેઠ

સાંવત્સરી મહાપર્વની ઉજવણી વિશ્વની બધી પ્રજાએ કરવા જેવી છે. આ દિવસે કદાચ તેઓ જૈનોની જેમ કટાસણું પાથરીને વિધિપૂર્વક પ્રતિક્રમણ ન કરી શકે તોપણ મનમાં ક્ષમાપનાના ભાવો લાવી હળવાફૂલ બની શકે છે. ક્ષમાપનાનું એક ઊંડું મનોવિજ્ઞાન છે. જો ક્ષમાપનાની સાધના પ્રત્યેક માણસ કરવા લાગે તો આજના મોટા ભાગના માનસિક રોગો દૂર થઈ જાય તેમ છે. માનસિક રોગોના મૂળમાં આપણા હૃદયમાં પડેલા રાગ, દ્વેષ, ઈર્ષ્યા, અસૂયા, શત્રુતા આદિ ભાવો છે. આ ભાવોનું વિસર્જન કરવાનું પર્વ એટલે સંવત્સરી. આ કોઈ ઔપચારિક ઉજવણીનું પર્વ નથી, પણ અંતઃકરણને સંપૂર્ણ શુદ્ધ કરવા માટેનું આયોજન છે.

સંવત્સરી મહાપર્વ બાબતમાં એક સૌથી મોટી ગેરસમજણ એ પ્રવર્તે છે કે વર્ષમાં એક જ વખત આપણે ક્ષમાપનાની આરાધના કરવાની છે. જૈન શાસ્ત્રો કંઈક અલગ જ વાત કહે છે. જૈન શાસ્ત્રો તો કહે છે કે સરળ અને હળુકર્મી જીવો તો જેવું કોઈ સાથે મનદુઃખ કે ઝઘડો થાય ત્યારે એક પણ ક્ષણની રાહ જોયા વિના તેમની માફી માગી ક્ષમાપના કરી લેવી. આ રીતે ઈન્સ્ટન્ટ ક્ષમાપના કરનારા સૌથી ઉત્કૃષ્ટ આરાધક કહેવાય છે. આપણા થકી કોઈનું દિલ દુભાયું છે એવી જાણ થતાં જ જેને ક્ષમાપના કર્યા વિના ચેન ન પડે તેને ઉત્કૃષ્ટ આરાધક કહેવાય. જેમનામાં થોડી ઓછી સંવેદનશીલતા છે તેઓ દિવસના અંતે કે રાત્રિના અંતે પ્રતિક્રમણ કરતી વખતે બધા જીવો સાથે ક્ષમાપના કરી મૈત્રીનો સેતુ ફરીથી સજીવન બનાવે છે.

જેઓ દિવસના અંતે કે રાત્રિના અંતે ક્ષમાપના કરવા જેટલી સરળતા ન ધરાવતા હોય, જેમને અહંકાર નડતો હોય તેઓ એક પખવાડિયાના અંતે પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરી શકે તે માટે શાસ્ત્રકારોએ પક્ખી પ્રતિક્રમણનું આયોજન કર્યું છે. આ પ્રતિક્રમણમાં આખા પખવાડિયાનું રિટ્રોસ્પેક્શન કરીને તે દરમિયાન જેટલા જીવોનો મન, વચન, કાયાથી અપરાધ કર્યો હોય તેમની ક્ષમાપના કરવામાં આવે છે. જેઓ પક્ખીની ગાડી પણ ચૂકી જાય તેમના માટે દર ચાર મહિને ચઉમાસી પ્રતિક્રમણ પણ આવે છે અને જેમનામાં ચાર મહિને પણ પાપોનું વિસર્જન કરવાની હિંમત ન હોય તેમના માટે છેલ્લી તક સંવત્સરી પર્વના રૂપમાં આવે છે. આ રીતે સંવત્સરી પર્વ એ ક્ષમાપના કરવાની પહેલી નહીં, પણ છેલ્લી તક છે. આ છેલ્લી તક ઝડપી લેનાર આત્મા પણ આરાધક છે.

આપણે કોઈ પાસેથી વ્યાજે રકમ લીધી હોય અને સમયસર પાછી ન ચૂકવી શકીએ તો વ્યાજનું ભારણ વધતું જાય છે. તેવી જ રીતે આપણા દ્વારા કોઈ આત્મા સાથે શત્રુતા બંધાઈ જાય તેનું વિસર્જન ક્ષમાપના વડે ન કરીએ ત્યાં સુધી દિલ પરનો બોજો ઉત્તરોત્તર વધતો જાય છે. અત્યંત ઋજુ અને સંવેદનશીલ આત્માઓ તો આ બોજો ૨૪ કલાક માટે પણ સહન નથી કરી શકતા અને ક્ષમાપના કરી હળવા બની જાય છે. જે આત્માઓ એક વર્ષ સુધી ક્ષમાપના કરતા નથી તેમના હૈયાનો ભાર ખૂબ વધી જાય છે. આ બધો જ ભાર એકસાથે ઠાલવી દેવાની હિંમત તેનામાં સંવત્સરી પર્વ દરમિયાન આવે છે, કારણકે ત્યારે માહોલ જ વેરના વિસર્જનનો પેદા થયો હોય છે. સંવત્સરી પર્વનું મહત્ત્વ એટલા માટે છે કે ત્યારે કઠોરમાં કઠોર દિલ પણ પીગળી જતું હોય છે. સંવત્સરી પર્વના પ્રસંગે પણ ક્ષમાપના કરનારા આત્માઓ મહાન છે, કારણકે જે આત્માઓ એક વર્ષના અંતે પણ ક્ષમાપના કરવા જેટલી નૈતિક હિંમત કેળવી નથી શકતા તેમના ક્રોધ, માન, માયા, લોભ જેવા કષાયો અનંતાનુબંધી બની જાય છે એમ જૈન શાસ્ત્રો કહે છે. અનંતાનુબંધી કષાય એટલે જેને ભેદી ન શકાય એવો ગાઢ અંધકાર. અંધકારને ભેદીને પ્રકાશની પ્રાપ્તિ કરવી હોય તો શાસ્ત્રકારો ૩૬૦ રાતદિવસની જ ડેડલાઇન આપે છે. નાટકમાં જેમ છેલ્લી ઘંટડી હોય છે, તેમ ક્ષમાપના કરવા ઇચ્છતા આત્માઓ માટે સંવત્સરી પર્વ એ છેલ્લી ઘંટડી છે. જેઓ આ છેલ્લી ઘંટડીની પણ ઉપેક્ષા કરે તેમના માટે આરાધનાના વિશ્વમાં એન્ટ્રી બંધ થઈ જાય છે. પર્યુષણ પર્વમાં જે ક્ષમાપના કરવામાં આવે તે કેવી હોવી જોઈએ? એ જાણી લેવું પણ ખૂબ મહત્ત્વનું છે.

સંવત્સરી મહાપર્વમાં ક્ષમાપનાની આરાધના સામે સૌથી મોટું જોખમ ઔપચારિકતાનું પેદા થયું છે. સંવત્સરીમાં ક્ષમાપનાને પણ આપણે એક રિવાજ બનાવી દીધો છે. દર વર્ષે દિવાળી આવે અને આપણે નૂતન વર્ષાભિનંદનનાં તૈયાર કાર્ડ લખીએ તેમ ક્ષમાપનાનાં છાપેલાં કાર્ડ પણ જૈનો પોતાના દૂરનાં સગાંઓને, સંબંધીઓને મોકલી આપે છે. આ કાર્ડ પર એડ્રેસ લખવાનું કાર્ય પણ ક્યારેક

ઑફિસનો સ્ટાફ કરતો હોય છે. ક્ષમાપનાનાં કેટલાં કાર્ડ પોસ્ટ કર્યાં તેની સંખ્યા ઉપરથી હૃદયમાં કેટલો ક્ષમાભાવ પેદા થયો, તેનું માપ કાઢી શકાતું નથી. હવે તો ક્ષમાપનાના કાર્ડનું સ્થાન એસએમએસ અને મોબાઇલ ટેક્નૉલૉજીએ લીધું છે. મિત્રોને 'મિચ્છા મિ દુક્કડમ્'ના એસએમએસ કરીને ક્ષમાપનાની સાચી સાધના કઈ રીતે થઈ શકે? સાચી ક્ષમાપના ક્યારેય વન-વે ટ્રાફિક જેવી હોઈ શકે નહીં.

સાચી ક્ષમાપના તો આપણે એવી વ્યક્તિઓ સાથે કરવાની હોય છે જેઓ આપણી ખૂબ નિકટ હોય. તેમાં આપણા ઘરના સભ્યો, પડોશીઓ, નજીકનાં સગાં, અંગત મિત્રો, ઘરનોકરો, પેઢીના કર્મચારીઓ, ધંધાના ભાગીદારો અને હરીફો વગેરેનો સમાવેશ થાય છે. એક વર્ષ દરમિયાન કેટકેટલા લોકો સાથે આપણે શત્રુતા બાંધી હોય છે? કેટલી બધી બાબતોમાં આપણે કેટલા લોકોનાં દિલ દુભાવ્યાં હોય છે? આખા વર્ષ દરમિયાન કરેલી ગુસ્તાખીઓ યાદ કરવાનું કામ સહેલું નથી. આ બધી જ વ્યક્તિઓને રૂબરૂ મળીને, બે હાથ જોડીને, આંખમાં અશ્રુ સાથે ક્ષમાપના કરવામાં આવે તે સાચી ક્ષમાપના કરવામાં સંકોચ થતો હોય તેની સાથે સૌ પહેલાં ક્ષમાપના કરવી જોઈએ અને અવશ્ય કરવી જોઈએ.

આજે તો આપણે ક્ષમાપના કરવાની યાદી બનાવીએ છીએ. તેમાં પણ ત્રણ કેટેગેરીઓ રાખીએ છીએ. પ્રથમ કેટેગરીમાં એવા લોકો આવે છે જેમને વર્ષ દરમિયાન આપણે મળ્યા જ નથી હોતા. આવી વ્યક્તિઓ સાથે ક્ષમાપના કરવામાં આપણને કોઈ સંકોચ નડતો નથી. બીજી કેટેગરીમાં એવા લોકો આવે છે કે જેમની સાથે આપણે વર્ષ દરમિયાન એકવાર સંપર્કમાં આવ્યા હોઈએ છીએ, પણ મનદુઃખ થાય તેવા પ્રસંગો બન્યા નથી હોતા. આવા લોકો સાથે આપણે બહુ આસાનીથી મિચ્છામિ દુક્કડમ્‌ની ઔપચારિકતા નિભાવી શકીએ છીએ. ત્રીજી કેટેગરીમાં એવા નિકટના લોકો આવે છે જેમને આપણે વારંવાર દુઃખી કર્યા હોય છે. આવા લોકો સાથે ક્ષમાપના કરવામાં આપણને ઈગો નડે છે. અહીં જ આપણી ક્ષમાભાવનાની કસોટી થાય છે. જ્યાં સુધી આ કેટેગરીના બધા જ આત્માઓ સાથે આપણે સાચી ક્ષમાપના ન કરી શકીએ ત્યાં સુધી આપણે સાચા આરાધક બનતા નથી.

ઘણા લોકો ત્રીજી કેટેગરીના આત્માઓ સાથે ક્ષમાપના કરે છે, પણ તેની પદ્ધતિ અત્યંત ઔપચારિક અને ઉપરછલ્લી હોય છે. આવી વ્યક્તિને ફોન પર 'મિચ્છામિ દુક્કડમ્' એટલું માત્ર કહી દેવાથી સાચી અને પૂરેપૂરી ક્ષમાપના થતી નથી. ક્ષમાપના કરનારના મનમાં પ્રથમ તો ક્ષમાની ભાવના પેદા થવી જોઈએ. તેના મનમાં પોતાના દુષ્કૃત્ય માટે પશ્ચાત્તાપની સરવાણી પ્રગટવી જોઈએ. આ પશ્ચાત્તાપની ભાવના જે વ્યક્તિનો અપરાધ કર્યો હોય તેને રૂબરૂ મળીને વાણી દ્વારા તેની સમક્ષ પ્રગટ કરવી જોઈએ. પોતે કરેલા અપરાધની સવિસ્તર ક્ષમા વધુમાં વધુ શબ્દો દ્વારા માગવી જોઈએ. માત્ર 'મિચ્છા મિ દુક્કડમ્' એવું મોઘમ કહી દેવાથી સાચી ક્ષમાપના થતી નથી. મન અને વચન દ્વારા થતી ક્ષમાપનામાં કાયાના હાવભાવ, પણ અંદર પેદા થયેલી પસ્તાવાની ભાવના મુજબના જ હોવા જોઈએ. ક્ષમાપના મન, વચન અને કાયાપૂર્વક થવી જોઈએ. ક્ષમાપના કાર્ડ દ્વારા, ટેલિફોન દ્વારા કે એસએમએસ દ્વારા થતી ક્ષમાપના કદી આવી શાસ્ત્રોક્ત ક્ષમાપના બની ન શકે. તે માટે રૂબરૂ જવું પડે અને અહંકારનો સર્વથા ત્યાગ કરી ક્ષમા માગવી પડે. આ ક્ષમાપના પણ તળિટાઝાટક હોવી જોઈએ એટલે કે સ્વજન સાથે મનદુઃખ થવામાં આપણા મનની જે અશુદ્ધિ નિમિત્તરૂપ બની હોય તેને પણ ઝાટકીને સાફ કરી નાંખવી જોઈએ. સાચી ક્ષમાપના કરનારનું અંતઃકરણ એટલું નિર્મળ બની જાય છે કે જેના પ્રત્યે અત્યાર સુધી શત્રુભાવ હતો તે ભાવ મૂળમાંથી જ નિર્મૂળ થઈ જાય અને ફરીથી મૈત્રીભાવની સરવાણીઓ ફૂટી નીકળે. સાચી ક્ષમાપના પછી મૈત્રીભાવનો નવો અધ્યાય શરૂ થવો જોઈએ, જ્યારે ઔપચારિક ક્ષમાપના પછી તો સંબંધો અગાઉ હતા તેવા જ નિષ્પ્રાણ બની રહે છે.

વિશ્વમાં તહેવારો ઘણા આવે છે, પણ પર્યુષણ પર્વ આત્મનિરીક્ષણનો તહેવાર છે. આ પર્વ નિમિત્તે જ્ઞાની ગુરુ ભગવંતો જે પ્રવચનો કરતા હોય છે તેઓ પણ આપણા આત્માને ઢંઢોળવાની જ કોશિશ કરતા હોય છે. જે આત્મા જાગ્રત બને છે તેમાં જ સાચી ક્ષમાપના કરવાની નૈતિક હિંમત આવે છે. આ માટે આત્મજ્ઞાની, ત્યાગી અને વૈરાગી સાધુપુરુષોનો સત્સંગ ઉદ્દીપકનું કામ કરે છે. આપણા બુઝાઈ ગયેલા આત્મદીપકને ઝળહળતો બનાવવા માટે કોઈ જ્ઞાનના દીવાની જ્યોતનો સ્પર્શ અનિવાર્ય બને છે. માટે જ પર્યુષણ પર્વમાં ઈશ્વરના અને ગુરુના સાંનિધ્યની અત્યંત આવશ્યકતા રહે છે. જે પુણ્યાત્માઓને આવું સાંનિધ્ય મળે છે તેમનામાં સહેલાઈથી ભવોભવનાં પાપોનો નાશ કરનારી ક્ષમાભાવના પ્રગટી ઊઠે છે.

# શું પ્રતિક્રમણથી પ્રતિકારક શક્તિ વધે ?

■ યુવાસંત પારસમુનિ

અજ્ઞાન અને પ્રમાદવશ કરવામાં આવતાં અપકૃત્યો કષાયોને વધારે છે અને અશુભકર્મોનો બંધ કરાવનારી પાપાત્મક પ્રવૃત્તિઓ આત્માને વિકારી બનાવે છે. બંધનમાં બાંધે છે અને રુગ્ણ બનાવવામાં સહાયક બને છે. તે કૃત્યોનું પ્રતિક્રમણ કરવાનું છે. અધ્યાત્મ માર્ગમાં એવી પ્રવૃત્તિઓને આશ્રવ અથવા પાપ કહેવાય છે તથા સ્વાસ્થ્યની ભાષામાં રોગ કહેવાય છે.

સ્વાસ્થ્ય એટલે રોગમુક્ત જીવન. તન, મન અને આત્મોત્સાહના સમન્વયનું નામ જ સ્વાસ્થ્ય. શરીર, મન અને આત્મા ત્રણેય જ્યારે એકબીજા સાથે તાલ મિલાવીને કાર્ય કરે, કોઈના કાર્યમાં કોઈનો અવરોધ ન હોય અને તેને ચલાવવામાં કોઈ બાહ્ય વસ્તુની આવશ્યકતા પણ ન હોય ત્યારે વ્યક્તિ સ્વસ્થ હોય છે. મન, વચન અને કાયાએ આત્માની અભિવ્યક્તિના ત્રણ સશક્ત માધ્યમ છે. આત્મા જ જીવનનો આધાર છે. આત્માની અનુપસ્થિતિમાં મન, વચન કે કાયાનું કોઈ અસ્તિત્વ નથી અને સ્વાસ્થ્યની કોઈ સમસ્યા પણ નથી હોતી. આત્મામાં ઉત્પન્ન થયેલ વિકાર જ રોગનું મુખ્ય કારણ છે. આત્મા વિકાર મુક્ત થવાથી શરીર, મન, વચન અને મસ્તક સ્વયં જ સ્વસ્થ થવા લાગે છે અર્થાત્ સ્વસ્થ રહે છે.

જ્ઞાની પુરુષો પ્રકૃતિ, વાતાવરણ, વનસ્પતિ, આહાર-પાણી-હવા વગેરેનો ઉપયોગ મન-વચન-કાયા દ્વારા સમ્યક્ જીવનશૈલી જીવવામાં કરે છે તેથી પ્રકૃતિ તેને સહાયક બને છે અને તેઓ હંમેશાં સ્વસ્થ અને મસ્ત રહે છે.

સ્વયં દ્વારા સ્વયંના દોષોનું નિરીક્ષણ, પરીક્ષણ અને સમીક્ષા કરવાની વ્યવસ્થિત પ્રક્રિયા એટલે પ્રતિક્રમણ ભૂલ થવી તે છદ્મસ્થ આત્માનો સ્વભાવ છે. તેનો સ્વીકાર કરવો તે માનવીય ગુણ છે. પ્રતિક્રમણ ભૂલને ભૂલ માનવાનો, જાણવાનો અને છોડવાનો પુરુષાર્થ છે.

ભૂલને ભૂલ માનવાથી ભવિષ્યમાં ફરી તે ભૂલો થવાની સંભાવનાઓ ખૂબ ઓછી રહે છે. ભૂલને ભૂલ ન માનવાવાળો આત્મા અંદરથી ભયભીત, તણાવગ્રસ્ત અને દુઃખી રહે છે. ક્રોધ અને ચીડિયાપણાને કારણે લીવર અને ગોલ્ડ બ્લેડર, ભયથી ગુદામાર્ગ કે મૂત્રાશય, તણાવ અને ચિંતાથી પેન્ક્રિયાસ કે આમાશય (આમ્લપિત્ત) તથા અધીરતા કે આવેગથી હૃદય અને નાના આંતરડા તથા વધુ દુઃખથી ફેફસાં કે મોટા આંતરડાની તકલીફો ઊભી થાય છે.

પાપનો સ્વીકાર કરીને, ભૂલથી પાછા ફરવા માટે પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણથી કષાય મંદ થાય છે. આત્માની શુદ્ધિ થાય છે, ભાવોમાં નિર્મળતા આવે છે. સકારાત્મક વિચારશક્તિ વિકાસ પામે છે. સ્વવિવેક અને સ્વદોષ દૃષ્ટિ જાગૃત થવાથી આચરણમાં જાગૃતતા આવે છે. પરિણામે શરીરમાં રહેલાં બધાં ઊર્જા ચક્ર સક્રિય રહેવા લાગે છે અને અંતઃસ્રાવી ગ્રંથિઓ આવશ્યકતા અનુસાર સંતુલિત પ્રમાણમાં સ્રાવોનું સર્જન કરવા લાગે છે. જેથી શરીર, મન, મસ્તક આત્મા સાથે તાલથી તાલ મિલાવીને પૂર્ણ સમન્વયથી કાર્ય કરવા લાગે છે. માનસિક રોગોને ઉત્પન્ન કરવાવાળાં પ્રમુખ કારણો ક્રોધ, ભય, તણાવ, અધીરતા આદિ દૂર થઈ જાય છે. સ્ટ્રેસ (ભારે દબાણ) પૉઝિટિવ (યુ-સ્ટ્રેસ) અને નૅગેટિવ (ડી-સ્ટ્રેસ)થી માણસ મુક્ત બને છે. સહનશીલતા અને રોગપ્રતિકારક ક્ષમતા વધે છે. આ કારણે શ્રાવક અને સાધુ માટે પ્રતિક્રમણ આવશ્યક બતાવવામાં આવ્યું છે. વિધિ સહિત ભાવપૂર્વક કરવામાં આવેલ પ્રતિક્રમણ સ્વાસ્થ્ય માટે સરલતમ, સહજ અને

નિર્દોષ ઉપચાર છે, જેનાથી શરીર જ નહિ, મન અને આત્મા પણ સ્વસ્થ થાય છે.

પ્રતિક્રમણના પ્રથમ સામાયિક નામના આવશ્યકમાં ધ્યાનના માધ્યમથી ૯૯ અતિચારોનું સૂક્ષ્મતાથી ચિંતન કરી દોષોની સમીક્ષા કરવામાં આવે છે. અર્થાત્ રોગ થવાનાં કારણોનું નિદાન કરવામાં આવે છે.

બીજા ચતુર્વિંશતિસ્તવ (લોગસ્સ) આવશ્યકમાં જે બધા રોગોથી સંપૂર્ણ મુક્ત થયેલ છે તે તીર્થંકરોનું આલંબન સામે રાખીને સ્તુતિ કરવાથી સ્વસ્થ બનવાનો ઉપાય દર્શાવ્યો છે. મનમાં ચંદ્ર સમાન નિર્મળતા, હૃદયમાં સૂર્યની સમાન તેજસ્વિતા અને વિચારોમાં સાગર સમાન ગંભીરતા પ્રગટાવવા માટે આપણો અવિરત પુરુષાર્થ હોવો જોઈએ.

ત્રીજા વંદના આવશ્યકમાં તીર્થંકરોના પ્રતિનિધિના રૂપમાં વર્તમાને આપણી સામે ઉપસ્થિત પંચમહાવ્રતધારી આત્મ ચિકિત્સક સુસાધુ ભગવંતોને વિનયપૂર્વક વંદન કરીને સ્વસ્થ રહેવાનું માર્ગદર્શન પ્રાપ્ત કરીને આત્માને વિકાર-વાસનાઓથી મુક્ત કરવા માટે પ્રયત્ન કરવામાં આવે છે. તે જ સાચા આત્મ ચિકિત્સક છે જે આત્મશુદ્ધિનો ઉપાય બતાવે છે. વંદના કરવાથી સાંધાનો દુખાવો થવાની સંભાવનાઓ ઓછી થઈ જાય છે. હટ્ટાડકાના સાંધામાં વાયુ ભરાતો નથી. ઉત્કૃષ્ટ વંદનામાં ગોદુહિકા આસનમાં નમસ્કાર મુદ્રામાં પગના પંજા પર શરીરને સંતુલિત કરવાથી સ્નાયુને કસરત મળે છે, તેથી સ્નાયુનાં દર્દો થતાં નથી.

ચોથા પ્રતિક્રમણ નામના આવશ્યકમાં મન, વચન અને કાયાના યોગથી જે દોષોનું સેવન સ્વયં આત્માએ કર્યું હોય, બીજા પાસે કરાવ્યું હોય અને બીજા દ્વારા કરાતા દોષોના સેવનના અપકૃત્યની અનુમોદના કરવામાં આવી હોય તે બધા દોષોથી નિવૃત્ત થવા માટે સ્વદોષ નિંદા, આલોચના કરવી તે પ્રતિક્રમણ આવશ્યકનો ઉદ્દેશ્ય છે. એ માટે ૯૯ અતિચારો અને ૧૮ પાપોમાંથી જેનું જેનું અતિક્રમણ થયું હોય તેની આલોચના કરી પશ્ચાત્તાપ કરવામાં આવે છે. ભવિષ્યમાં તે દોષોનું ફરીથી સેવન ન થાય તે માટે સંકલ્પ લેવામાં આવે છે. પંચપરમેષ્ઠિનાં પાંચ પદ પર બિરાજિત પૂજ્ય ભગવંતોના ગુણોનું સ્મરણ કરી અને તેના સમાન બનવાની ભાવના અભિવ્યક્ત કરવામાં આવે છે. પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે કોઈ જીવ સાથે દુર્વ્યવહાર થયો હોય, દુઃખ પહોંચાડ્યું હોય તો ક્ષમા માગીને મૈત્રીભાવ વિકસિત કરવામાં આવે છે. જેનાથી તણાવ, ચિંતા, ભય દૂર થાય છે અને વ્યક્તિને માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે. પાંચમા આવશ્યકમાં લાગેલા દોષોના ઉપચાર માટે કાયોત્સર્ગ કરવામાં આવે છે. વ્રતમાં અતિચાર લાગવા એ સંયમ રૂપ શરીરમાં ઘા લાગવા સમાન છે. કાયોત્સર્ગ (કાઉસગ્ગ) એ ઘાને માટે મલમ (દવા)નું કાર્ય કરે છે. અનુયોગ દ્વારસૂત્રમાં કાયોત્સર્ગને વ્રણ ચિકિત્સા કહેવામાં આવ્યો છે. કાયોત્સર્ગમાં આત્મા વિશુદ્ધ બનીને શલ્યરહિત બને છે. દ્રવ્યદષ્ટિથી પણ કાયોત્સર્ગથી રોગ પ્રતિકારક શક્તિ વધે છે. કાયોત્સર્ગ બધા જ થાકથી મુક્ત થવાની સાધના છે. માણસને અંદરથી હળવાશનો અનુભવ થાય છે.

અંતિમ છઠ્ઠા પ્રત્યાખ્યાન નામના આવશ્યકમાં વ્યક્તિ ભવિષ્યમાં થવાવાળા રોગોનાં કારણોથી બચે છે અને સ્વયંની પ્રતિકારક શક્તિ વધારવા પ્રાયશ્ચિત્તના રૂપમાં પ્રત્યાખ્યાન દ્વારા આત્માનું અહિત કરવાવાળી ઇચ્છાઓનો નિરોધ કરે છે. ઇન્દ્રિયોના વિષયભોગોથી અનાસક્ત થવાનો સંકલ્પ લઈને શક્તિનો અપવ્યય થતો રોકે છે. પ્રત્યાખ્યાનથી આવેગ, ઉદ્વેગ, ઉન્માદ છૂટી જાય છે અને મન શાંત થવા લાગે છે. આમ પ્રતિક્રમણ દ્વારા શારીરિક, માનસિક અને આધ્યાત્મિક અનેક લાભો થાય છે.

## BIO-DATA



**Name** : **JAINAM AMITKUMAR.SHAH**
**DOB/Birth time** : May 15,1990 4:00 pm
**Place of Birth** : Bilimora , [ Gujarat ]
**Raashi** : Makar [ Capricon ]
**Body build up** : 63 Kg. 5'10"
**Religion** : Shwetambar Murtipujak Jain
**Caste** : Shri Rohida Visa Porwaad Jain
**Complexion** : Wheatish
**Education**
Master of Science in Management Information System. Texas Tech University, Texas,USA [ 2014 – 2015 ] Bachelor of Technology in Electronics and Telecommunication. SVKM's NMIMS University, Mumbai. [ 2008 – 2012 ]
**Profession**
Computer System Business Analyst at TRUNO, Lubbock, Texas USA. [ 2015 – present ]
**Work Area** : Forecasting Sales, Project Management and Quality Assurance.
Earlier Worked as a Software Engineer at Accenture, Iroli, Mumbai, Maharashtra. [ 2012 - 2014 ] Work Area : Data Warehousing, Business Intelligence.

**FAMILY**

**Father's Name** : Mr.Amitkumar S.Shah
**Business** : Amit Spun pipe & Cement Pro. Bilimora.
**Mother's Name** : Mrs.Heenaben A.Shah. [ Homemaker and Socialist ]
**Elder Sister** : Priyanka Shah.[engaged] [ Teacher ]
**Grand Parents** : Late. Shri. Shirishchandra F. Shah & Late.Smt.Manjulaben S.Shah
**Family Hometown** : & Address "Vatsalya", Opp. Paresh Traders, Bunder Road, Bilimora [ w ]
**Mausar** : Late.Shri.Chandrakant H.Modi & Smt. Jayaben C.Modi , Surat.

**Contact Details of Jainam :**
**Current Residence :** Lubbock, TEXAS, USA
**Mobile number** : 001 806 773 5243
**Email** : jas.only003@gmail.com

ADVT

## BIO-DATA



**Name** : **Dolly Patwa**
**DOB** : 4/12/1993
**Education** : B.Tech in Computer Engineering (From VGEC, Chandkheda)(2011-15)
**Higher Education:** M.Tech in Computer Networks (From DAIICT, Gandhinagar)(2016-18)
**City Living in:** Mehsana(Gujarat)
**Native** : Unjha
**Height** : 5'6"
**Weight** : 62 Kg
**Complexion** : Fair
**Religion** : Jain Shwetamber Deravasi
**Hobbies** : Reading, singing,stock analysis

**Family Details:**
**Father** : Dr. Rakeshbhai Patwa(MBBS) Medical Director At Lions Hospital, Mehsana Dist.
**Mother** : Falguniben Patwa(Housewife)
**Uncle** : Dr. Prakash Patwa(MBBS) ,Medical Officer at Civil hospital, Mehsana
**Grand Father:** PravinBhai D. Patwa(B.com) Retired Senior Manager in 1999 Bank of baroda
**Brother** : Harit patwa(B.tech in CS,GEC patan)

**Contact Person Details:**
**Email Id** : dolirpatwa@gmail.com
**Phone No** : 9998865563
**Address:**
20/B Harinagar society , Near Simandhar jain temple, Mehsana-2

ADVT

# લગનઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | મિનય મહેશભાઈ મહેતા, ૪-૧૧-૧૯૮૮, ૬'-૦''<br>**M.B.A., B.M.S., – નિર્દોષ છૂટાછેડા** | ઘોઘારી વિશાશ્રીમાળી જૈન<br>શિહોર – ભાયંદર | (મો) ૯૩૨૦૫૪૪૩૫૧<br>(મો) ૯૮૬૯૬૭૧૭૦૫ |
| ૨) | વિશાલ પંકજ શાહ, ૨૪-૮-૧૯૮૯, ૫'-૧૧''<br>**B.E. Com. Sciences** | પોરવાડ દેરાવાસી જૈન<br>અમલસાડ – વિલેપાર્લા | (ઘર) ૨૬૧૪૬૩૫૧<br>(મો) ૯૨૨૪૫૯૫૫૫૫ |
| ૩) | ચેતશ જગદીશ શાહ, ૧-૬-૧૯૮૬, ૬'૦૨''<br>**B.Com, M.Com/MBA** | દશા શ્રીમાળી દેરાવાસી જૈન<br>પોરબંદર – મુંબઈ | (ઘર) ૨૬૪૯૨૮૦૫<br>(મો) ૯૭૭૩૨૫૮૬૪૨ |
| ૪) | નિરવ ચન્દ્રકાન્ત શાહ, ૨૨-૯-૧૯૮૫, ૫'- ૧૦''<br>**Inter 2nd Year** | દશા શ્રીમાળી દેરાવાસી જૈન<br>વલ્લભીપુર -હૈદ્રાબાદ | (ઘર)૦૪૦-૬૬૨૫૬૪૧૭<br>(મો) ૯૮૮૫૩૬૬૪૧૭ |
| ૫) | જીગર હર્ષદ શેઠ, ૬-૧૧-૧૯૮૯, ૫'- ૦૬''<br>**B.Com,** | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>વલ્લભીપુર – બેંગલોર | (ઘર) ૦૮૦૪૨૧૨૩૫૩૧<br>(મો) ૯૮૪૪૫૨૧૬૩૬ |
| ૬) | પ્રણય સંજય શાહ, ૩-૧૨-૧૯૮૮, ૫'૯''<br>**M.Com., –** | દેરાવાસી જૈન<br>અંબાસણ – બોરીવલી | (ઘર) –<br>(મો) ૯૮૬૭૯૮૬૦૧૮ |
| ૭) | તેજસ ચંદ્રકાંતભાઈ ટિંબડિયા, ૨૫-૮-૧૯૮૨, ૫'-૧૧''<br>**S.S.C., – સેલ્સ મેનેજર** | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>બિલખા (જૂનાગઢ) – વસઈ | (ઘર) ૯૩૨૧૨૨૯૯૭૮<br>(મો) ૯૩૨૩૧૭૯૧૦૦ |
| ૯) | વિરેન પ્રવિણચંદ્ર શાહ, ૧૫-૬-૧૯૭૭, ૫'- ૬''<br>**B.Com, PGDCA,** | ઝાલાવાડ દશા. સ્થા. જૈન<br>થાનગઢ – બોરીવલી | (ઘર) ૨૮૯૮૫૫૬૮<br>(મો) ૯૮૭૦૦૭૯૬૦૮ |
| ૧૦) | પરાગ હર્ષદરાય દફ્તરી, ૫-૫-૧૯૭૫, ૫'- ૭''<br>**B.Sc,** | દશા. સ્થા. જૈન<br>મોરબી – ડોંબીવલી | (ઘર) ૯૭૦૨૭૦૭૩૦૩<br>(મો) ૯૮૨૦૨૧૦૧૧૬ |
| ૧૧) | વિશાલ યશવંત મહેતા, ૧૩-૪-૧૯૮૬, ૫'- ૬''<br>**B.Com, Software Diploma – નિર્દોષ છૂટાછેડા** | દશા. સ્થા. જૈન<br>જોડીયા – કલકત્તા | (ઘર) ૨૪૯૯૬૫૫૦<br>(મો) ૯૮૩૬૮૪૭૦૮૪ |
| ૧૨) | અમિત જગતભાઈ શાહ, ૨૯-૫-૧૯૮૪, ૬'- ૦''<br>**B.Com, M.CA, MIM, M.Com (Part I)** | ઘોઘારી વિશા. જૈન<br>ભાવનગર – વિલેપાર્લે | (ઘર) ૨૬૭૧૨૨૨૮<br>(મો) ૯૯૮૭૭૬૬૭૮૮ |

## યુવતી

| | | | |
|---|---|---|---|
| ૧) | ઝંખના ગિરીશ શાહ, ૨-૧૨-૧૯૮૪, ૫'-૩''<br>**B.Com, / C.A.** | સ્થાનકવાસી જૈન<br>માંગરોળ – મુલુંડ | (ઘર) ૨૬૧૪૯૫૪<br>(મો) ૯૮૬૯૪૮૩૯૫૪ |
| ૨) | ધ્વનિ ભરત શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭''<br>**M.Com,** | શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ<br>કઠોર (સુરત) – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૨૮૧૨<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૩) | દિપાલી બિપિનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૧૯૭૬, ૫'-''<br>**S.S.C.** | શ્રી સુરત વિશા ઓશવાળ જૈન દેરાવાસી<br>શિહોર – ગોરેગામ | (ઘર) ૯૩૨૩૩૩૪૩૦૭<br>(મો) ૯૮૨૦૦૪૧૦૭૧ |
| ૪) | જલ્પા જયકાન્તભાઈ શાહ, ૨૨-૧-૧૯૮૫ ૫'-૪''<br>બી.કૉમ. - (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શિહોર – ગોરેગામ | (ઘર) ૯૩૨૩૩૩૪૩૦૭<br>(મો) ૯૮૨૦૦૪૧૦૭૧ |
| ૫) | ક્રેશા હર્ષદભાઈ શાહ, ૨૧-૨-૧૯૮૬, ૫'-૨''<br>**B.Com, MBA નિર્દોષ છૂટાછેડા** | ઘોઘારી દશા શ્રીમાળી જૈન<br>વલ્લભીપુર – સિકંદરાબાદ | (મો) ૦૪૦૨૭૫૩૪૪૧૯<br>(મો) ૦૯૮૮૫૮૨૪૧૩૫ |
| ૬) | ડોલી હર્ષદભાઈ શાહ, ૧૮-૨-૧૯૮૯, ૫'-૬''<br>**B.Com., MBA નિર્દોષ છૂટાછેડા** | ઘોઘારી દશા શ્રીમાળી જૈન<br>વલ્લભીપુર – સિકંદરાબાદ | (મો) ૦૪૦૨૭૫૩૪૪૧૯<br>(મો) ૦૯૮૮૫૮૨૪૧૩૫ |

# ગુજરાતીઓની લાડકી ટ્રાવેલ એજન્સી

# જેમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

## નવી ઓફિસનો શુભારંભ

# ઘાટકોપરમાં



જેમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની નવી ઓફિસનું ઉદ્દઘાટન ઘાટકોપરમાં જેજેસી સેન્ટ્રલ બોર્ડના IP ચેરમેન શ્રી રમેશભાઈ મોરબિયાના હસ્તે સંપન્ન થયું હતું. તેમની સાથે સુવિખ્યાત જૈન દાનેશ્વરી અગ્રણી અને મુંબઈ મહાનગરપાલિકામાં ઘાટકોપરના નગરસેવક શ્રી પરાગ શાહ (ડાબે) તથા સુવિખ્યાત કમલેશ કેટરર્સના શ્રી કમલેશ ઠોસાણી (જમણે).



'જેમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ'ની ભારતભરના અનેક શહેરોમાં ઓફિસ છે. પ્રવાસન ક્ષેત્રે ચારેક દાયકાના અનુભવ થકી 'જેમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ'નું નામ હરવા–ફરવાના શોખિનોમાં લોકપ્રિય સ્થાન મેળવીને અગ્રેસર ટ્રાવેલ એજન્સી તરીકે પ્રસ્થાપિત થઈ ગયું છે. ભારતભરમાં વિવિધ શહેરોમાં અમારી અનેક ઓફિસ કાર્યરત છે અને હવે, ઘાટકોપર પૂર્વમાં 'કૈલાશ પ્લાઝા' ખાતે નવી ઓફિસ શરૂ થઈ છે.

આ અવસરે સેંકડો શુભેચ્છકોએ 'જેમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ'ના સ્થાપક ડાયરેકટર શ્રી જયોતિનભાઈ દોશીને શુભકામના આપી હતી. આ અવસરે અસંખ્ય મહાનુભાવોએ હાજરી આપી હતી. ઉપરની તસ્વીરમાં ડાબેથી જયરાજ દેવાણી, કુણાલ ઠોસાણી, રમેશ મોરબિયા, જયોતિન દોશી, કમલેશ ઠોસાણી, પરાગ શાહ, અક્ષય ઠોસાણી, હિતેશ ભેદા અને સુવિખ્યાત બિલ્ડર કિશોર પટેલ–ઉદ્દઘાટન અવસરે યાદગાર પોઝ.

GEM™
TOURS & TRAVELS PVT. LTD

**Head Office**

Naman Midtown, 1501 / 1504, 15th Floor, A Wing, Senapati Bapat Marg,
Next to India Bulls Financial Centre, Elphinstone Road West,
Mumbai - 400 013. **Tel.: 61019101** websupport@gemtravels.com

**ઘાટકોપર**

કૈલાશ પ્લાઝા, વલ્લભબાગ લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ–૭૭.
ફોન : ૨૧૦૨ ૫૨૦૦ / ૫૩૦૦ / ૫૪૦૦

Ad Print Art (Himanshu Upadhyaya) : 98201 01242

Advt.

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26/8/2017
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2016-2018




Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057.
Editor : **CHANDRAKANT F. SHAH**

Advt.